અપીલ અરજી નં.૨૫૦ તા.૫–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર (પ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૧૫–૯–૦૯ અરજીથી શ્રી ભાગ્યેશકુમાર પી. ધીવાળા, કર્મચારી નં.૩૩૧૦૫ બાબતે મ્યુ.કમિશ્નરશ્રીને તા.૧૫–૧૦–૦૮, તા.૨૭–૧૦–૦૮, તા.૨૮–૮–૦૯ ના રોજ ઉદ્દેશીને જે નોટીસ મોકલાવેલી તે નોટીસ મુજબ તમોએ આજદિન સુધી શું કાર્યવાહી કરેલી છે તે તમામ કાર્યવાહીને લગતા તમામ પ્રકારના પત્ર વ્યવહારોની નકલો. તે અંગે જે કંઈ પગલા લીધેલ હોય તે અંગેની પુરેપુરી વિગત મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૫–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૦/૨૦૦૯–૧૦

શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલની તા.૧૫–૯–૦૯ નીઅરજીથી શ્રી ભાગ્યેશકુમાર પી. ધીવાળા, કર્મચારી નં.૩૩૧૦૫ બાબતે મ્યુ.કમિશ્નરશ્રીને તા.૧૫–૧૦–૦૮, તા.૨૭–૧૦–૦૮, તા.૨૮–૮–૦૯ ના રોજ ઉદ્દેશીને જે નોટીસ મોકલાવેલી તે નોટીસ મુજબ તમોએ આજદિન સુધી શું કાર્યવાહી કરેલી છે તે તમામ કાર્યવાહીને લગતા તમામ પ્રકારના પત્ર વ્યવહારોની નકલો. તે અંગે જે કંઈ પગલા લીધેલ હોય તે અંગેની પુરેપુરી વિગત મુદ્દા નં.૧ થી ૮ ની આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૦૩૧ તા.૩૦/૯/૦૯ થી આપેલ માહિતી પાઠાફેર,ઉડાઉ અને ગોળગોળ જવાબ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૪ તા.૧૩–૧૧–૦૯ થી ડે.કમિશ્નર (પ અને ઈ)અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર જાવક નં.જીએડી/ઈએસટી/૨૬૩૨ તા.૨૧–૧૧–૦૯ થી મુળ અરજીની નકલ તા.૭–૫–૦૯ થી અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ,તા.૬–૭–૦૯ થી નમુના –ઘ થી આપેલ માહિતીના પત્રની નકલ,તા.૨૭–૮–૦૯ થી અરજદારે કમિશ્નરને લખેલ પત્રની નકલ, તા.૨–૯–૦૯ થી અરજદારને રૂબરૂ મળવા લખેલ પત્રની નકલ, તા.૬–૪–૦૯ થી અરજદારને જાણ કરતા પત્રની નકલ, તા.૩૦–૯–૦૯થી અરજદારને માહિતી પુરી પાડયાના પત્રની નકલ વિ. પુરક માહિતી અત્રેના વિભાગને પુરી પાડેલ છે.

અરજદારે તા.૧૫–૯–૦૯ અરજીથી મુદ્દા નં–૧ શ્રી ભાગ્યેશકુમાર પી. ધીવાળા, કર્મચારી નં.૩૩૧૦૫ બાબતે મ્યુ.કમિશ્નરશ્રીને તા.૧૫–૧૦–૦૮, તા.૨૭–૧૦–૦૮, તા.૨૮–૮–૦૯ ના રોજ ઉદ્દેશીને જે નોટીસ મોકલાવેલી તે નોટીસ મુજબ તમોએ આજદિન સુધી શું કાર્યવાહી કરેલી છે તે તમામ કાર્યવાહીને લગતા તમામ પ્રકારના પત્ર વ્યવહારોની નકલો. તે અંગે જે કંઈ પગલા લીધેલ હોય તે અંગેની પુરેપુરી વિગતવાર માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૦–૧૦–૦૮, ૨૭–૧૦–૦૮ અને અન્ય તારીખોની અરજી અનુસંધાને તા.૭–૫–૦૯ના પત્ર નં.જીએડી/ઈએસટી/૩૨૨ અને જીએડી/ઈએસટી/૯૫૨ તા.૬–૭–૦૯ થી પુરી પાડવામાં આવેલ છે. જયારે તા.૨૭–૮–૦૯ ની અરજી જે તા.૨૮–૮–૦૯ ના રોજ અત્રે મળેલ છે. તે સંદર્ભે અત્રેથી પત્ર ક્રમાંક જીએડી/ઈએસટી/૧૭૦૧ તા.૨–૯–૦૯ થી સદર બાબતે ડે.કમિશ્નર(પઅનેઈ)ને રૂબરૂ મળવાની જાણ કરવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) સુમપાની નોકરીમાં તાલીમાર્થી તરીકે તા.૧૭–૧૦–૦૯ ના રોજ જોડાયા બાદ ચાલુ રાખેલ ઈન્સ્યોરન્સ એજન્સી અંગે વી.આઈ.ઓ.શ્રીએ તા.૭–૮–૦૮ ના રોજ મ્યુ. કમિશ્નરશ્રીને તારણો જોતાં જરૂરી આગળની કાર્યવાહી માટે ડે.કમિશ્નર(પઅનેઈ) પ્રતિ મોકલવા રજૂ કરેલ રીપોર્ટ, જેના પર મ્યુ. કમિશ્નરશ્રીએ તા.૧૨/૮ લખેલ છે તે રીપોર્ટના પેરા (૫) ના તારણ નં.૩ "અરજદારે રજૂ કરેલ પુરાવાની વિગતે મજકુર કર્મચારીના નામે ચાલી આવેલ એજન્સી ઉપર તા.૨૯–૯–૦૭ ના રોજ છેલ્લો વીમો લેવાયેલ હોવાનું ધ્યાને આવેલ છે." તે અનુસાર કર્મચારી મજકુરે સુમપાની નોકરીમાં જોડાયા બાદ પણ એજન્સી ચાલુ રાખેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. તદઉપરાંત તારણ નં.૪ અનુસાર કર્મચારી મજુકર આપેલ નિવેદન ખોટું અને ઓથોરીટીને ગેરમાર્ગે દોરનારું હોવાનું પણ સ્પષ્ટપણે ફલિત થાય છે. જે રીપોર્ટ પર વી.આઈ.ઓ.શ્રીએ " પેરા–(૫) મુજબ તારણો જોતાં જરૂરી આગળની કાર્યવાહી માટે ડે.કમિશ્નર(પઅનેઈ) પ્રતિ મોકલવા જરૂરી મંજુરી માટે રજૂ" કરેલ શેરા પર મ્યુ. કમિશ્નરશ્રીએ તા.૧૨–૮–૦૮ ના રોજ સહી કરેલ છે. તેમ છતાં કર્મચારી મજકુર કે જેને રહેમરાહે " કામચલાઉ અને નોટીસ આપ્યા વગર કોઈ પણ સમયે છુટા કરવામાં આવશે" ની શરત સાથે કમિશ્નરશ્રીને કચેરી હુકમ કરેલ હોય અને તાલીમાર્થી મજકુર સામે પ્રથમદર્શનીય ગંભીર પુરાવા મળેલ હોવા છતાં કર્મચારી મજુકર સામે તા.૧૨–૮–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવે તે તારીખ સુધીમાં નિયમ મુજબ નોકરીમાંથી સસ્પેન્ડ કરવા/દૂર કરવા અંગેની શું કાર્યવાહી કરવામાં આવી? તેનો સ્પષ્ટ જવાબ લેખિતમાં આપવો. કર્મચારીની આ વર્તણૂંક અંગે તેની વિરુધ્ધ કરવામાં આવેલ તમામ રીપોર્ટસ/મેમો/શો–કોઝ નોટીસ/ચાર્જશીટ તથા તેના અનુસંધાને કર્મચારી મજકુર તરફથી રજૂ કરવામાં આવેલ ખુલાસાઓની દરેકની નકલ –૧ સર્ટીફાઈડ આપવી. ગુજરાત સીવીલ સર્વીસીસ રૂલ્સ તથા સુમપાના ઠરાવેલા નિતીનિયમો અનુસાર કર્મચારીએ આચરેલ ગુના અને ગુના અંગે પ્ર થમદર્શનીય ગંભીર પુરાવા મળેલ હોય તો તેને તાત્કાલીક અસરથી અમલમાં આવે તે રીતે સસ્પેન્ડ કરવાનો રહે છે આ કેસમાં તેવું શા માટે કરવામાં આવેલ નથી અને તેને કયા કારણોસર રક્ષણ પુરું પાડવામાં આવી રહેલ છે. આ રીતે કર્મચારીને ખોટી રીતે રક્ષણ આપવા માટે છેવટની જવાબદારી કોની ? તેનો સ્પષ્ટ જવાબ આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી

અધિકારી તરફથી આ માહિતી અત્રેના તા.૭–૫–૦૯ ના પત્ર ક્રમાંક જીએડી/ઈએસટી/૩૨૨ અને જીએડી/ઈએસટી/૯૫૨ તા.૬–૭–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. માહિતીની વ્યાખ્યાના ફલકમાં " શા માટે" પ્રશ્નના જવાબોનો સમાવેશ થતો નથી. મુદ્દા નં.૩. શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાલા કર્મચારી નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુમપાની નોકરીમાં જોડાયા બાદ ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લી. માં એજન્ટ કોડ નં.૫૨૦૦૦૧૯૬ છે. લાયસન્સ નં.૫૭૭૧ ૬૬૮૯૨૫ જેની એક્ષ્પાઈરી તા.૨૧–૪–૦૭ હતી તે લાયસન્સ પુરું થાય તે પહેલા તા.૨૯–૧–૦૭ માં રીન્યુ કરાવેલ તેનો સ્કોલ નં.૨૦૩૫૮૯ થી રૂા.૩૫૦ જમાં કરાવેલ છે. આમ કર્મચારી મજુકર સુમપાની નોકરીમાં જોડાયા તે તારીખ એટલ ે કે તા.૧૭–૧૦–૦૬ પછી પણ સને ૨૦૦૭ માં તેઓએ ઈન્સ્યુરન્સ એજન્ટનું લાયસન્સ રીન્યુ કરાવેલ છે તેઓની વિરુધ્ધમાં સુમપા તરફથી જો કોઈ તપાસ કરવામાં આવી હોય તે અરજી સંદર્ભે માહિતી આપવી. (ક) તેઓ ધ્વારા એજન્સી રદ કરવા અંગે કોઈ રજૂઆત કરાયેલ હતી કે કેમ? જો કરેલ હોય તો તેની નકલ. (ખ) તેઓ ધ્વારા એજન્સી રદ કરાવેલ હોય તો કઈ તારીખે રદ કરેલ છે? જો કરેલ હોય તો હુકમની નકલ. (ગ) તેઓનું લાયસન્સ રીન્યુ કરવામાં આવેલ છે કે કેમ? જો કરવામાં આવેલ હોય તો કઈ તારીખે કરેલ છે? (ઘ) તા.૧૭–૧૦–૨૦૦૬ પછી સદરહુ એજન્સીમાં થયેલ નાણાંકીય વ્યવહારની આજ દિન સુધીની વિગત. (ચ) તા.૧૭–૧૦–૦૬ પછી તેઓની એજન્સીમાં કોઈ કમીશન તેઓના નામે જમા થયેલ છે કે કેમ? જો થયેલ હોય તો કયા સંજોગોમાં જમા કરાવવામાં આવેલ છે. (છ) એજન્સીમાં તા.૧૭–૧૦–૦૬ બાદ તેઓ ધ્વારા એજન્સીને લગતી કોઈ કામગીરી કરવામાં આવી છે કે કેમ? તેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેની કંપનીને પાઠવેલ પત્રની નકલ પત્ર ક્રમાંક જીએડી/ઈએસટી/૯૫૨ તા.૬–૭–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. કંપનીએ આજ દિન સુધી પ્રત્યુત્તર આપેલ નથી. મુદ્દા નં.૪ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ની સુમપાએ ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લી. માંથી જો કોઈ માહિતી માંગી હોય અને ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લી. ધ્વારા તેવી માહિતી આપવામાં આવી છે કે કેમ? જો ન આપવામાં આવી હોય તો સુમપા તરફથી ઈફકો ટોકયો જનરલ ઈન્સ્યુરન્સ કાં. લી. વિરુધ્ધ જે કાંઈ શિક્ષાત્મક પગલા જેવાકે, કંપનીનું ગુમાસ્તાધારાનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કે તેઓની હેડ ઓફિસમાં જાણ કરવાની કાર્યવાહી વિગેરે કરી હોય તો તેની સંપૂર્ણ વિગત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કંપની તરફથી આજ દિન સુધી માહિતી આપવામાં આવી નથી કંપની ગુમાસ્તાધારાનો ભંગ કરે તો લાયસન્સ રદ થવાને પાત્ર બને. મુદ્દા નં.૫ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુમપાની નોકરીમાં જોડાયા બાદ ધી સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી. રાંદેર–સુરત શાખામાં સેવીંગ્સ એકા. નં.૦૦૩૩૪૧ ના ખાતામાં થયેલું કમિશનનો નાણકીય વ્યવહારની સુમપા તરફથી તપાસ કરવામાં આવી છે કે કેમ? જો ન કરવામાં આવી આવી હોય તો તે કયા કારણસર તપાસ કરવામાં આવેલ નથી. વિગેરેની સંપૂર્ણ પૂરુપૂરી વિગતવાર માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કંપની તરફથી માંગ્યા મુજબની માહિતી પ્રાપ્ત થયા બાદ જ આગળની કાર્યવાહી કરી શકાય માહિતીની વ્યાખ્યાના ફલકમાં " શા માટે" પ્રશ્નના જવાબોનો સમાવેશ થતો નથી. મુદ્દા નં.૬ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ તા.૧૭–૧૦–૦૬ ના રોજ સુમપાની નોકરીમાં જોડાયા છે તે કર્મચારી સામેના આક્ષેપો બાબતે જરૂરી આધાર પરાવા હોવા છતાં તેઓ વિરુધ્ધ સક્ષમ સત્તાના આદેશો મેળવી તે અંગેની કાર્યવાહી કઈ તારીખે પૂરી કરવામાં આવશે? તેની પૂરેપૂરી માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર માહિતી પત્ર ક્રમાંક જીએડી/ઈએસટી/૬૨ તા.૬–૪–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૭ શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ ના વિરુધ્ધમાં જુદી જુદી તારીખોની અરજી સાથે આપેલા પુરાવાઓ ધ્યાને ન લઈ કયા કારણસર અને કયા અધિકારીના મેળાપીપણામાં મજકુર કર્મચારીને રક્ષણ પુરું પાડવામાં આવે છે? તે અધિકારીનું નામ, હોદ્દોની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી આ માહિતી તા.૭–૫–૦૯ ના પત્ર ક્રમાંક જીએડી/ઈએસટી/૩૨૨ અને જીએડી/ઈએસટી/૯૫૨ તા.૬–૭–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. મંદ્દા નં.૮.શ્રી ભાગ્યેશકુમાર પી. ઘીવાળા કર્મચારી નં.૩૩૧૦૫ વિરુધ્ધ સુમપા તરફથી તપાસ ચાલુ હોય તો તે મજકુર કર્મચારી કાયમી ધોરણે ફરજ લેવામાં આવશે કે કેમ? જો તેઓને કાયમી ધોરણે ફરજ પર લેવામાં આવશે તો તે કાયદાની કલમ મુજબની સંપૂર્ણ માહિત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ભવિષ્ય અંગેની માહિતી વર્તમાન સમયમાં આપી શકાય તેમ નથી એમ જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ નથી નકલોની માંગણી કરવામાં આવેલ હોવા છતાં જાણી જોઈને નકલો આપવામાં આવી નથી અને સ્પષ્ટ જવાબ ન આપી પાઠાફેર, ઉડાઉ અને ગોળ ગોળ જવાબ આપવામાં આવેલ છે એવું અપીલ અરજીમાં જણાવેલ.

જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને મુદ્દા નં.૧ તેમની વિવિધ ત્રણ અરજીઓ અંગે કાર્યવાહીને લગતા પત્ર વ્યવહારની નકલોની માહિતી પૂરી પાડેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી સ્વતંત્ર હોઈ તે અં ગે સ્વતંત્ર માહિતિ આપવી રહે. મુદ્દા નં.૨ અંગે કાર્યવાહી પ્રગતિ હેઠળ હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. જેથી તે પુર્ણ ન થાય ત્યાં સુધી બાકીની માહિતિ કે રક્ષણ જવાબદારીના પ્રશ્નો અસ્થાને છે. મુદ્દા નં.૩ તથા ૪ માહિતિ માંગવા કરતાં તકરાર નિવારણ ને સ્પર્શતા જણાય છે. જયારે મુદ્દા નં.૫ ની વિગત આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨ (જે) અનુક્રમે માહિતિ અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતિ આપવાની રહે છે. તેથી તે આપવાનો પ્રશ્ન આ તબકકે ઉપસ્થિત થાય નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૧ માં નિર્દિષ્ટ અરજદારની ત્રણ અરજીઓ અંગે થયેલ કાર્યવાહી અને પત્રવ્યવહારની નકલો આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર(પઅનઈ) જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થે મહેકમ) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશભાઈ જયંતીભાઈ પટેલ